RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 291* Date: 18.08.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બનાસકાંઠા જિલ્લામાં મેઘતાંડવના કારણે અનેક ગામડાઓ જળમગ્ન

## અનેક હાઈવે વાહન વ્યવહાર માટે બંધ કરાયા

પાલનપુર,તા.૧૭

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે અનેક નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયા છે તો જિલ્લાના અનેક ગામોના ઘરોમાં પાણી ઘૂસ્યા છે તેમજ ગામો અને ખેતરો પણ બેટમાં ફેરવાયા છે આ ભારે વરસાદને લઈ ગ્રામીણ વિસ્તારમાં મોટા પ્રમાણમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે..

હવામાન વિભાગની આગાહીના પગલે બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે શહેરોમાં નીચાણ વાળા વિસ્તારોમાં અનેક જગ્યાએ પાણી ભરાયા છે. તેમજ ઘરોમાં પણ પાણી ઘૂસ્યા છે અને લોકોના ઘર વખરીને નુકસાન થવા પામ્યું? છે. તેમજ જિલ્લાના અનેક ગામડાઓમાં પાણી ભરાયા છે ઘરોમાં પણ ચાર ચાર ફૂટ વરસાદી પાણી ઘૂસી ગયું છે તેમજ ખેતરો પણ બેટમાં ફેરવાયા છે. જિલ્લાના અનેક માર્ગો માં પાણી ભરાતા માર્ગો પણ બંધ થવા પામ્યા છે થરાદ ડીસા હાઈવે પર આવેલ રામપુરાથી દામાં નજીક ભારે વરસાદના કારણે રસ્તો બંધ કરાયો છે તેમજ અતિભારે વરસાદને પગલે ડીસા તાલુકાના નીચે મુજબના રસ્તાઓ ઓવેરટોપિંગના લીધે હંગામી ધોરણે વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

ભીલડી – બલોધર રોડ, ભીલડી – નેસડા – પેપળુ રોડ, નેશનલ હાઈવે થી ઘટનાળ રોડ, સ્ટેટ હાઈવે થી ઘટનાળ રોડ, નવી ભીલડી થી જુના નેસડાથી ઘટનાળ મોટી રોડ, પાલડી - વડલાપુર રોડ, કંસારી – શેસુરા રોડ, ગુગળ એપ્રોચ રોડ, પેપરાળ - ગણતા રોડ, લાખણી, ગોઢ થી છત્રાલા રોડ. ભારે વરસાદના લીધે બંધ કરાયા છે.

ભારે વરસાદના કારણેદિયોદરના ગામડાઓ બેટમાં ફેરવાયા છે બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે અનેક ગ્રામ્ય વિસ્તારોમાં તારાજીના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે ભારે વરસાદના કારણે વરસાદી પાણી ખેતરમાં ફરી વળતાખેડૂતોને મોટું નુકસાન થવા પામ્યું છે અને ગ્રામીણ વિસ્તારમાં ભારે વરસાદના કારણે લોકો ફસાયા છે લોકોના ઘરમાં પાણી ઘૂસવાના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે તેમજ ખેતરોમાં પાણી ફરી મળતા મોંઘા દાઢ બિયારણ લાવી લાખો રૂપિયાના ખર્ચે કરેલી ખેતીમાં પણ મોટું નુકસાન થવાની સ્થિતિ સર્જાઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે સમગ્ર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં મોટું નુકસાન થવા પામી રહ્યું છે. તેમજ લોકો ભારે વરસાદના કારણે જાતે ઊંચાણ વાળા સ્થળો પર જઈ રહ્યા છે.વરસાદના કારણે બનાસ નદીમાં પુષ્કળ પાણી આવતા દાંતીવાડા ડેમ ભરાઈ જવાની શક્યતાઓ છે. ભારે વરસાદના પગલે નદીના કાંઠાના વિસ્તારના ખેડૂતો ખેતરમાંથી ખેતરો ખાલી કરી રસલામત સ્થળે જઈ રહ્યા છે.

વાસડા, રાણપુર ગોળીયા, ભડથ, મહાદેવિયા સહિતનાખેડૂતોને એલર્ટ કરાયા છે.તેમજ બનાસકાંઠાના ડીસામાં વરસાદની તોફાની બેટિંગ ના કારણે અનેક ગામોસંપર્ક વિહોણા થયાછે. દામા પાસે રોડ પર પાંચ ફૂટ પાણી ભરાતા ૨૦ થી વધુ ગામોનો સંપર્ક તૂટી ગયાછે જેના કારણે વાહન ચાલકો? અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ૨૦૧૭ બાદ બનાસ નદી બે કાંઠે થઈ છે. જ્યારે ભારે વરસાદને પગલે સમગ્ર જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વરસાદી વાતાવરણ વચ્ચે જન્માષ્ટમીના તહેવારોને લઈને ગુજરાતથી આબુ હિલ સ્ટેશન જવા સહેલાણીઓ નીકળી રહ્યા છે. એવા સમયે પાલનપુર આબુ રોડ ભારે વરસાદને પગલે એક બાજુનો બંધ કરાયો છે, જેને લઈને વાહનોની ૫ કિ.મી. લાબી કતારો જોવા મળી રહી છે.

તો બીજી બાજુના માર્ગ પર ફક્ત મોટાં વાહનોને જ પસાર થવા દેવામાં આવી રહ્યા છે. હાઈવેની બંને બાજુના માર્ગો પર પોલીસ ઊભી રખાઈ છે, જેથી નાનાં વાહનો હાઈવે પરથી પસાર ન થાય. જ્યારે કોઈ વાહનો ફસાય તો એને કાઢવા માટે ક્રેન પણ તહેનાત કરાઈ છે.



ભારે વરસાદના પગલે દાંતીવાડા ડેમમાં પાણી આવક વધી છે જેમાં સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૬૪૬૪૪ ક્યૂસેક પાણીની આવક થઈ હતી, જે હજુ ચાલુ જ છે તેમજ ડેમમાં અત્યારે લેવલ ૫૭૭.૨૦ પહોંચ્યું છે. ૩૬.૭૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે. દાંતીવાડમાં સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે, જ્યારે પાલનપુરમાં સવારે ૮થી ૧૦ વાગ્યા વચ્ચે માત્ર બે જ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. સુઈગામમાં પણ સવારથી અત્યારસુધી ૩ ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે ડીસામાં સવા ઈંચ વરસાદ પડ્યો છે. અમીરગઢમાં સવા ઈંચ, થરાદમાં ૧ ઈંચ, કાકરેજમાં ૨૩ મિમી અને વાવામાં ૨૧ મિમી વરસાદ પડ્યો છે. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અમીરગઢમાં ૧૨૫ મિમી, કાંકરેજમાં ૧૦૪ મિમી, ડીસામાં ૧૮૩ મિમી, થરાદમાં ૫૪ મિમી, દાંતામાં ૧૪૩ મિમી, દાંતીવાડામાં ૧૬૩ મિમી, દિયોદરમાં ૧૪૧ મિમી, ધાનેરામાં ૧૧૧ મિમી, પાલનપુરમાં ૧૧૧ મિમી, લાખણીમાં ૭૪ મિમી, વડગામમાં ૧૫૨ મિમી, વાવમાં ૭૪ મિમી અને સુઈગામમાં ૫૫ મિમી વરસાદ નોંધાયો છે.

# સંયુક્ત કિસાન મોરચો એમએસપી સમિતિની પ્રથમ બેઠકમાં સામેલ નહીં થાય

## લઘુત્તમ ટેકાના ભાવ અંગેની સમિતિની બેઠક આવતા સપ્તાહે યોજાવાની છે.

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં ખેડૂતો દ્વારા તેમની ઉપજ માટે ચૂકવવામાં આવતી એમએસપી કિંમત અંગેનો હોબાળો હાલમાં અકબંધ છે. લઘુત્તમ ટેકાના ભાવ અંગેની સમિતિની બેઠક આવતા સપ્તાહે યોજાવાની છે. આના પર સંયુક્ત કિસાન મોરચાના નેતાઓએ આ બેઠકનો વિરોધ કરતા આ પેનલને તમાશારૂપ ગણાવી હતી અને કહ્યું હતું કે મંત્રણામાંથી કશું જ નિષ્કર્ષ નહીં આવે. ખેડૂત નેતાઓનું કહેવું છે કે તેઓ પહેલેથી જ "ખેડૂત વિરોધી પેનલ" ને બરતરફ કરી ચૂક્યા છે અને ૨૨ ઓગસ્ટની બેઠકમાં હાજરી આપશે નહીં. સંયુક્ત કિસાન મોરચામાં ૪૦થી વધુ ખેડૂત સંગઠનો છે.જો કે, સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સમાચાર એ પણ આવી રહ્યા છે કે એમએસપી પરની સમિતિ ભવિષ્યની વ્યૂહરચના પર ચર્ચા કરવા માટે ૨૨ ઓગસ્ટે તેની પ્રથમ બેઠક યોજવા જઈ રહી છે. આ બેઠક રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન સંકુલ,દિલ્હી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે. એવું માનવામાં આવે છે કે સમિતિના સભ્યોને એમએસપી સમિતિની પ્રથમ બેઠકમાં રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત ભવિષ્યની વ્યૂહરચના અંગે પણ ચર્ચા કરવામાં આવશે. સાથોસાથ, વ્યાપક મુદ્દાઓ પર ધ્યાન આપવા માટે પેટા-પેનલ પણ બનાવી શકાય છે.દરમિયાન, સરકાર સંયુક્ત કિસાન મોરચાને ૨૨ ઓગસ્ટે યોજાનારી બેઠકમાં ભાગ લેવા માટે સંમત થાય તેવો પ્રયાસ કરી રહી છે. કારણ કે સરકારે એસકેએસના ત્રણ પ્રતિનિધિઓના નામ પૂછ્યા છે જેઓ બેઠકમાં હાજરી આપશે. એસકેએમ નેતા હન્નાન મુલ્લાએ સરકારના સૂચનને નકારી કાઢ્યું અને કહ્યું કે ખેડૂતોનું સંગઠન ભવિષ્યની કાર્યવાહી નક્કી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અમે પહેલા જ પેનલને બરતરફ કરી દીધી છે, આના પરથી સ્પષ્ટ થાય છે કે અમે મંત્રણામાં ભાગ નહીં લઈએ, તેથી ૨૨મી ઓગસ્ટની બેઠકમાં હાજરી આપવાનો કોઈ પ્રશ્ન જ નથી.હન્નાન મુલ્લાએ કહ્યું કે સરકારે કેટલાક કહેવાતા ખેડૂત નેતાઓને પેનલમાં સામેલ કર્યા છે, જેમને કૃષિ કાયદા વિરુદ્ધના આંદોલન દરમિયાન અમારા આંદોલન સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે કહ્યું કે અમે આગળની કાર્યવાહી નક્કી કરીશું. અને નક્કી કરીશું કે કૃષિ કાયદા વિરૂદ્ધ કેવી રીતે પ્રદર્શન કરવું. અન્ય ખેડૂત નેતા દર્શન પાલે જણાવ્યું હતું કે કૃષિ સંગઠન ૨૦૨૧ હિંસા કેસ સામે યુપીના લખીમપુરમાં ૭૫ કલાકના વિરોધ પછી ભવિષ્યની કાર્યવાહી નક્કી કરશે.દર્શન પાલ સિંહે કેન્દ્ર પર વચનો ન પાળવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે તેઓ ખેડૂત વિરોધી પેનલને સમર્થન આપતા નથી. અમારો વિરોધ ચાલુ છે અને ચાલુ રહેશે. તેમણે કહ્યું કે અમે ગયા વર્ષે કૃષિ વિરોધી કાયદાઓ સામે વિરોધ દરમિયાન ખેડૂતો પર નોંધાયેલા કેસો પાછા ખેંચવા, આંદોલન દરમિયાન જીવ ગુમાવનારા ખેડૂતોના પરિવારોને વળતરની પણ માગ કરી રહ્યા છીએ. નોંધપાત્ર રીતે, ગયા વર્ષે નવેમ્બરમાં ત્રણ કૃષિ કાયદાઓ રદ કરવાની જાહેરાત કરતી વખતે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોના એમએસપી મુદ્દાઓ પર ધ્યાન આપવા માટે એક સમિતિની રચના કરવાનું વચન આપ્યું હતું.

# સુપ્રીમ કોર્ટ દુનિયાના સૌથી મોટા લોકતંત્રમાં બંધારણનું સંરક્ષક છે : સીજેઆઈ એનવી રમણા

નવીદિલ્હી,તા.૧૭

ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમણાએ કહ્યું છે કે ભારતીય સર્વોચ્ચ અદાલત દુનિયાના સૌથી મોટા લોકતંત્રમાં બંધારણનો સંરક્ષક છે.સુપ્રીમ કોર્ટના પૂર્ણ ન્યાય કરવાના વ્યાપક અધિકાર બંધારણમાં આપવામાં આવ્યા છે. અપેક્સ કોર્ટમાં આયોજીત કાર્યક્રમમાં બોલતા સીજેઆઇ રમણાએ કહ્યું કે કલમ ૧૪૨ હેઠળ પૂર્ણ ન્યાય કરવાની આ શક્તિ ભારતીય સર્વોચ્ચ અદાલતના આદર્શ વાકય યતો ધર્મ સ્થિરો જયાને જીવંત કરે છે જેનો અર્થ થાય છે જયાં ધર્મ છે,ત્યાં વિજય છે.

સીજેઆઇ રમણાએ કહ્યું કે દેશના લોકોને ખબર છે કે જયારે તેની સાથે કંઇક ખોટું થશે તો ન્યાયપાલિકા તેની સાથે ઉભી રહેશે લોકોને વિશ્વાસ છે તેમને ન્યાયપાલિકાથી ન્યાય મળશે આ વિશ્વાસને કારણે લોકો પોતાના મામલાને આગળ સુધી વધારી શકે છે સીજેઆઇએ કહ્યું કે ભારતીય ન્યાયિક પ્રણાલી ફકત લેખિત બંધારણ અને તેની ભાવના પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતાના કારણે વિશિષ્ટ છે એટલું જ નહીં વ્યવસ્થામાં લોકો દ્વારા વ્યકત કરવામાં આવેલ અપાર વિશ્વાસને કારણે પણ અદ્વિતીય છે.

ભારતીય ન્યાયપાલિકાની ભૂમિકાની બાબતમાં સીજેઆઇ રમણાએ કહ્યું કે વિધાયિકા તે મુદ્દાને જોવામાં સક્ષમ ન હોઇ શકે જે કાર્યાન્વયન દરમિયાન સામે આવી શકે છે અદાલતોએ કાનુનોની વ્યાખ્યા કરવા વિધાયિકાના સાચા ઈરાદા પર અસર નાખે છે સીજેઆઇએ એ પણ કહ્યું કે અદાલતોમાં કાનુનોના સમકાલીન સમય માટે પ્રાસંગિક બનાવી તેમાં જીવ ફુંકી દીધો છે.

# આરસીપી સિંહ ભગવા રંગમાં રંગાયેલા જોવા મળ્યા,ભાજપમાં સામેલ થવાનો ઈશારો

નાલંદા,તા.૧૭

પૂર્વ કેન્દ્રીય મંત્રી આરસીપી સિંહ ભગવામય નજરે આવ્યા અહી સિલાવ પહોંચેલ આરસીપીનું ભાજપ કાર્યકર્તાઓએ ભવ્ય સ્વાગત કર્યું આ દરમિયાન ભાજપ કાર્યકર્તાઓએ તેમને ભગવા વસ્ત્રો આપ્યા.કાર્યક્રમમાં હાજર સિંહે કહ્યુ કે અમારા સાથીની માતાજીનું નિધન થયું છે આથી તે તેમના પરિવારને સાંત્વના આપવા માટે આવ્યા છે.તેમના આ કાર્યક્રમની વચ્ચે જ કાર્યકર્તાઓએ તેમનું સ્વાગત કર્યું હતું જો કે તેમણે રાજનીતિથી જુડાયેલ સવાલો પર કાંઇ પણ બોલવાનો ઈન્કાર કરી દીધો હતો.



આરસીપી સિંહે કાર્યક્રમમાં હાજર કાર્યકર્તાઓને કહ્યું કે સંગઠન કાર્યકર્તાઓથી બને છે આથી આપણે હંમેશા કાર્યકર્તાઓની સાથે રહીએ છીએ આ દરમિયાન ભાજપ ગ્રામીણ મંડલ અધ્યક્ષ બબલુ સિંહે કહ્યું કે આરસીપી સિંહે ભાજપમાં આવવાનો સંકેત આપ્યો છે આ કારણ છે કે આજે તે ભાજપના કાર્યકર્તાઓને મળવા માટે પહોંચ્યા હતાં તેમણે કહ્યું કે સિંહના ભાજપમાં આવવાથી પાર્ટી વધુ મજબુત થશે.એ યાદ રહે કે કયારેક મુખ્યમંત્રી નીતીશકુમારના ખાસ ગણાતા જદયુના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ આરપીસી સિંહે ૬ ઓગષ્ટે પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપી દીધુ હતું તેમણે નાલંદામાં પોતાના ગામ મુસ્તફાપુરથી રાજીનામુ આપવાની જાહેરાત કરી હતી હકીકતમાં જદયુએ તેમને ત્રીજીવાર રાજયસભામાં મોકલવાનો ઈન્કાર કરી દીધો જેને કારણે તેમને મોદી સરકારમાંથી મંત્રી પદેથી રાજીનામુ આપવું પડયું હતું રાજીનામુ આપતાની સાથે જ તેમણે કહ્યું હતું કે જદયુમાં કંઇ બચ્યું નથી અને તે ડુબતુ જહાજ છે.

# શ્રીરામ મંદિરની સાથે જ રામ જન્મભૂમિની આસપાસના વિસ્તારોને પણ વિકસિત કરવાની કવાયત તેજ

## નવ અબજના ખર્ચે માર્ગોની સુરત બદલવામાં આવશે,યોગી સરકારે ૧૦૭ કરોડ રૂપિયાનો પહેલો હપ્તો જારી કર્યો

અયોધ્યા,તા.૧૭

અયોધ્યામાં નિર્માણાધીન શ્રીરામ મંદિરની સાથે જ રામ જન્મભૂમિની આસપાસના વિસ્તારોને પણ વિકસિત કરવાની કવાયત તેજ થઇ ગઇ છે.યોગી સરકાર લગભગ ન અરબ રૂપિયાના ખર્ચથી જન્મભૂમિ સુધી સરળ રીતે પહોંચવા માટે માર્ગોને પહોળા કરવા,સુંદર અને સુવિધાયુકત બનાવવાની દિશામાં કામ કરી રહી છે તેના માટે પહેલા હપ્તાના રૂપમાં ૧૦૭ કરોડ રૂપિયા શાસન તરફથી જારી પણ કરી દેવામાં આવ્યા છે.

આ કાર્ય કરનારી સંસ્થા લોક નિર્માણ વિભાગને નક્કી સમયમાં કામ પુરૂ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

ધર્માર્થ કાર્ય વિભાગ તરફથી અયોધ્યામાં શ્રીરામ મંદિર સુધી પહોંચવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે આ હેઠળ ત્રણ માર્ગોના નિર્માણ,પહોળા કરવા અને સુદ્રઢીકરણ માટે શાસન તરફથી ૮૯૯.૯૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે તેના પ્રથમ હપ્તાના રૂપમાં ૧૦૭ કરોડ રૂપિયાની રકમ જારી કરી દેવામાં આવી છે.અપર મુખ્ય સચિવ ધર્માર્થ કાર્ય અવનીશકુમાર અવસ્થીએ કહ્યું કે સહાદતગંજ નયા ઘાટ માર્ગના કિલોમીટર ૧૧થી સુગ્રીવ કિલા થઇ શ્રીરામ જન્મભૂમિ સુધીનો કુલ ૦.૫૬૬ કિમીના લંબાઇવાળા માર્ગના ચાર લેન નિર્માણની યોજના છે આ માટે કુલ ૩૯.૪૩ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે તેમાંથી ૩ કરોડ ૯૦ લાખ ૮૮ હજાર રૂપિયા જારી કરવામાં આવ્યા છે.આ ઉપરાંત ફેઝાબાદ અયોધ્યા મુખ્ય માર્ગથી હનુમાન ગઢી થઇ જન્મભૂમિ સુધીના માર્ગ નિર્માણ અને ભૂમિ,ભવનના નિર્માણ અને પુર્નવાસ માટે રકમ ઉપલબ્ધ



કરાવવામાં આવી છે.અવનીશ અવસ્થીએ કહ્યું કે તેના માટે ૬૨.૭૮ કરોડ રૂપિયાની પ્રશાસકીય અને નાણાંકીય મંજુરી આપવામાં આવી છે તેમાંથી ૩ કરોડ ૧૦ લાખ ૮૩ હજાર રૂપિયા જારી કરવામાં આવ્યા છે.

અવસ્થીએ એ પણ કહ્યું કે કાર્યના માનક અને ગુણવત્તાની જવાબદારી લોકનિર્માણ વિભાગના અધિકારીઓ સહિત જીલાધિકારીની પણ રહેશે તમામ નિર્માણ કાર્યોને નિર્ધારિત સમયમાં પુરૂ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

યોગી સરકારે અયોધ્યાના રામકથા સંગ્રહાલયને પુરી રીતે ડિઝિટલાઇઝ કરવાનો નિર્ણય કર્યો છે સંગ્રહાલયમાં ડિઝીટલ માધ્યમથી સામાન્ય લોકોને અયોધ્યા અને શ્રી રામચરિત માનસની બાબતમાં વિસ્તારથી બતાવવામાં આવશે તેના માટે પર્યટન વિભાગે તૈયારીઓ પુરી કરી લીધી છે.

## તંત્રી સ્થાનેથી...

# લમ્પી વાયરસના નિદાન માટે પગલાં સહિત સચોટ નિદાન આવશ્યક

છેલ્લા કેટલાક સમયથી વંશવાદ અને ભ્રષ્ટાચાર પર પ્રહાર કરી રહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ પર લાલ કિલ્લા પરથી આ બંને વિષયો પર વિસ્તારથી વાત કરી, તેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેઓ આ બુરાઈઓના ખાતમા અને તેના વિરુદ્ધ જનમતનું નિર્માણ કરવા માટે સંકલ્પ લઈ ચૂક્યા છે. આ જ કારણે તેમણે એ પણ રેખાંકિત કર્યું કે ભાઈ-ભત્રીજાવાદ ફક્ત રાજકારણ સુધી જ સીમિત નથી. તેમણે એ તો સ્પષ્ટ ન કર્યું કે રાજનીતિથી ઈતર ક્યાં ક્યાં વંશવાદ સ્થાપિત છે, પરંતુ બધા જાણે છે કે એક લાંબા અરસાથી ન્યાયપાલિકામાં પરિવારવાદને લઈને ગંભીર સવાલ ઊઠી રહ્યા છે. વંશવાદ ક્યાંય પણ હોય, તે લોકતાંત્રિક મૂલ્યો અને મર્યાદાઓની વિરુદ્ઘ છે. જેમ કે વંશવાદ લોકતંત્રનાં મૂળિયાંને કમજોર કરવાનું કામ કરી રહ્યો છે, એવી જ રીતે ભ્રષ્ટાચાર પણ દેશના પાયામાં લૂણો લગાડે છે. દેશને સંબોધિત કરતાં વડાપ્રધાને જે રીતે એમ કહ્યું કે ભ્રષ્ટાચારના આરોપમાં ન્યાયાલયોમાંથી સજા પામેલા નેતાઓનું પણ મહિમામંડન કરવામાં શરમ-સંકોચ નથી રખાતા, તે આપણા સમાજની એક કડવી સચ્ચાઈ છે. અદાલતો દ્વારા ભ્રષ્ટ સાબિત કરાયેલા નેતાઓને હાંકી કાઢવા અને તેમને રાજકીય રૂપે નિષ્પ્રભાવી કરવા આમ જનતાનું નૈતિક દાયિત્વ છે. આખરે આ દાયિત્વનું વહન નહિ કરનારા દેશમાં ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો હોવાની ફરિયાદ કેવી રીતે કરી શકે?

વડાપ્રધાને જે રીતે વંશવાદ અને ભ્રષ્ટાચાર પર દેશની જનતાને ચેતવી, એવી જ રીતે તેમણે અન્ય બાબતો અને વિશેષ રૂપે મહિલાઓ પ્રત્યે લોકોને પોતાનો દૃષ્ટિકોણ બદલવા માટે પ્રેરિત કરી. આ એક એવી જરૂરી વાત છે, જેનું પ્રાથમિકતાના ધોરણે પાલન થવું જોઈએ, કારણ કે એવું કરીને જ આપણે નારી પ્રત્યે સન્માન દર્શાવવાની પોતાની પ્રતિબદ્ઘતાને સાચી સાબિત કરી શકી છીએ. આશા રાખીએ કે વડાપ્રધાનની આ વાત એવી જ અસર કરશે, જેવી સ્વચ્છ ભારત અભિયાન સંબંધી તેમની અપીલે છાપ છોડી. વડાપ્રધાને લોકોને ભારતને વિકસિત દેશ બનાવવા, પરાધીનતાનો કોઈ અંશ બચવા નહિ દેવા, પોતાના વારસા પર ગર્વ કરવા અને એકજુટતાનો પરિચય આપવાની સાથે નાગરિક કર્તવ્યોનું વહન કરવાનો સંકલ્પ લેવાનું પણ કહ્યું. તેમણે આ પાંચ સંકલ્પોને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના મૂળ મંત્ર તરીકે પ્રસ્તુત કર્યા. વાસ્તવમાં જો આપણે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પોતાના સપનાને સાકાર કરવા માંગે છે તો આપણે આપણી માનસિકતા અને આપણી રીતભાત બદલવી પડશે. જ્યારે વડાપ્રધાન દેશને બદલવા અને આગળ લઈ જવા માટે સંકલ્પ વ્યક્ત કરી રહ્યા છે તો પછી દેશની જનતાનું પણ એ દાયિત્વ બને છે કે તે પોતાના હિસ્સાના સંકલ્પ લે.

## માણાવદરની શૈશવ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી



માણાવદરના મહાદેવિયા રોડ ઉપર આવેલ શૈશવ સ્કૂલ માં જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકો દ્વારા નંદ મહોત્સવ અને મટકી ફોડ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. આ તકે શાળાના બાળકો દ્વારા ટ્રેડિશનલ ડ્રેસમાં કૃષ્ણ-રાધા અને બાળ સ્વરૂપના વેશ ધારણ કરેલ હતા અને જય રણછોડ, માખણ ચોરના નારા સાથે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં બેસ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને આમંત્રીત મહેમાનો દ્વારા સન્માનિત કરાયા હતા. આ તકે યુવા અગ્રણી અને પત્રકાર જયદીપ બરવાડીયા, માણાવદર નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન ગોર, ઉદય લાખાણી, સંસ્થાના ટ્રસ્ટી સંજયભાઈ લાખાણી, પ્રિન્સીપાલ જ્યોત્સનાબેન પટેલ, જીગ્નેશ પટેલ (પત્રકાર) સહિતના હાજર રહેલ હતા. આ તકે વિશાળ સંખ્યામાં વાલીઓએ હાજર રહી શાળાની અને સ્ટાફ પરિવારની કામગીરીને બિરદાવી હતી.

તસ્વીર - જયદીપ બરવાડીયા

અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૦૬૨ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૧૭

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૦૬૨ નવા કેસ નોંધાયા છે. બીજી તરફ ગત દિવસે કોરોનાના ૮૮૧૩ કેસ નોંધાયા હતા. આ સંદર્ભમાં આજે કોરોનાના કેસમાં થોડો ઘટાડો નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૧૫,૨૨૦ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. જે બાદ કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા ૪,૩૬,૫૪,૦૬૪ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાના સક્રિય લોડની સંખ્યા ૧,૦૫,૦૫૮ છે. સક્રિય કેસ ૦.૨૪% છે. જ્યારે રિકવરી રેટ હાલમાં ૯૮.૫૭ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૬૪,૦૩૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે બાદ કોરોનાનો કુલ ટેસ્ટ આંકડો ૮૮.૧૦ કરોડ પર પહોંચી ગયો છે.છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૫,૯૦,૫૫૭ ડોઝ લગાવવામાં આવ્યા હતા. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨૦૮.૫૭ કરોડ રસીના ડોઝ (૯૩.૮૩ કરોડ બીજા ડોઝ અને ૧૨.૫૮ કરોડ નિવારક ડોઝ) આપવામાં આવ્યા છે. નોંધપાત્ર રીતે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં સંક્રમિત લોકોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી.

## મુક્તિ પર્વ..આત્મિક સ્વતંત્રતાનું પર્વ

# બ્રહ્મજ્ઞાનને જાણવું જ મુક્તિ નથી તેને દરેક ક્ષણ જીવવું વાસ્તવિક મુક્તિ છે

(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ)



'બ્રહ્મજ્ઞાનને જીવનનો આધાર બનાવીને નિરાકાર પરમાત્મા સાથે જોડાઈ રહેવું અને મનમાં દરેક સમયે સ્મરણ કરતા સેવાભાવને અપનાવીને જીવવું જ વાસ્તવિક ભક્તિ છે.પુરાતન સંતો તેમજ ભક્તોનું જીવન પણ બ્રહ્મજ્ઞાનથી જોડાઈને સાર્થક થયું હતું.× આ ઉદગાર નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજે 'મુક્તિ પર્વ' સમાગમના અવસર પર લાખોની સંખ્યામાં એકત્રીત વિશાળ જનસમૂહને સંબોધિત કરતા વ્યક્ત કર્યું.

સદગુરુ માતાજીએ આશીર્વાદ આપતા કહ્યું કે ×બ્રહ્મજ્ઞાનને જાણવું જ મુક્તિ નથી પરંતુ તેને દરેક સમયે જીવવું જ વાસ્તવિક મુક્તિ છે. આ અવસ્થા નિરાકાર પરમાત્માને મનમાં વસાવીને તેમના રંગમાં રંગાઈને જ સંભવ છે કારણ કે બ્રહ્મજ્ઞાનની દ્રષ્ટિથી જીવનની દશા તેમજ દિશા એક સમાન બની જાય છે.

જીવનમાં આત્મિક સ્વતંત્રતાના મહત્વને સદગુરૂ માતાજીએ ઉદાહરણ સહિત જણાવ્યું કે જેવી રીતે શરીર જકડાય જવાથી તેને મુક્ત થવાની ઈચ્છા થાય છે તેવી જ રીતે આપણી આત્મા તો જન્મ જન્મથી શરીરનાં બંધનમાં છે .

અને આ આત્માની મુક્તિ માત્ર નિરાકાર પ્રભુની જાણકારીથી જ સંભવ છે.જ્યારે આપણને આપણા નિજ ઘરની જાણકારી થઈ જાય છે ત્યારે જ આપણી આત્મા મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરી લે છે.આ ઉપરાંત બ્રહ્મજ્ઞાનની દિવ્ય રોશની મનમાં વ્યાપ્ત સમસ્ત નકારાત્મક ભાવોને દુર કરી ભયમુક્ત જીવન જીવવાનું શિખવે છે અને ત્યારે આપણો લોક સુખી તેમજ પરલોક સુહેલો બને છે.બ્રહ્મજ્ઞાન દ્વારા કર્મોનાં બંધનોથી મુક્તિ સંભવ છે કારણ કે એનાથી આપણને પ્રભુની રજામાં રહેતા આવડી જાય છે.

જીવનના દરેક પાસા આપણા વિચાર પર જ આધારિત હોય છે જેનાથી કાર્ય ના થવા કે ન થવા પર આપણને ઉદાસ કે ચિંતિત કરે છે એટલે તેની મુક્તિ પણ નિરાકાર પ્રભુનો આશરો લઈને જ સંભવ છે.

સંત નિરંકારી મિશન દ્વારા પ્રતિ વર્ષ ૧૫ ઓગસ્ટ એટલે કે 'સ્વતંત્રતા દિવસ' ને 'મુક્તિ પર્વ' ના રૂપમાં મનાવવામાં આવે છે.આ દિવસ જ્યાં પરાધીનતાથી મુક્ત કરાવવાવાળા ભારતીય સ્વતંત્રતા સેનાનીઓને નમન કરવામાં આવે છે ત્યાં બીજી તરફ આધ્યાત્મિક જાગૃતતાના માધ્યમથી પ્રત્યેક જીવ આત્માને સત્ય જ્ઞાનની દિવ્ય જ્યોતિથી પરિચય કરાવવા વાળી દિવ્ય વિભૂતિઓ શહનશાહ બાબા અવતાર સિંહ જી,જગત માતા બુદ્ધવંતી જી,નિરંકારી રાજમાતા કુલવંત કૌર જી, સદગુરુ માતા સવિંદર હરદેવ જી તેમજ અન્ય ભક્તોને શ્રદ્ધા સુમન અર્પિત કરતા તેમના જીવનથી દરેક ભકતો દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરવામાં આવે છે.

૧૫ ઓગસ્ટ,૧૯૬૪થી જ આ દિવસ જગતમાતા બુદ્ધવંતીજીને, ત્યારબાદ ૧૯૭૦થી શહનશાહ બાબા અવતારસિંહજી દ્વારા સંત નિરંકારી મિશનની રૂપરેખા તેમજ મિશનને પ્રદાન કરેલી તેમની મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓ માટે નિરંકારી જગત સદૈવ જ તેમનું ઋણી રહેશે.સને ૧૯૭૯માં સંત નિરંકારી મંડળના પ્રથમ પ્રધાન લાભસિંહજી એ જ્યારે તેમના નશ્વર દેહનો ત્યાગ કર્યો ત્યારથી બાબા ગુરુબચન સિંહજી એ આ દિવસને 'મુક્તિ પર્વ' નું નામ આપ્યું. મમતાની દિવ્ય છબી નિરંકારી રાજમાતાકુલવંત કૌર જી એ પોતાના કર્મ તેમજ વિશ્વાસથી મિશનના દિવ્ય સંદેશને જન જન સુધી પહોંચાડ્યો અને ઓગસ્ટ મહિનામાં જ તેમણે પણ પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો.માતા સવિંદર હરદેવજી એ સદગુરૂ રૂપમાં મિશનની બાગડોળ સન ૨૦૧૬ માં સાંભળી.તેમના પહેલા ૩૬ વર્ષ સુધી તેમને નિરંતર બાબા હરદેવસિંહજી મહારાજની સાથે દરેક ક્ષેત્રમાં પોતાનો પુર્ણ સહયોગ આપ્યો અને નિરંકારી જગતનાં પ્રત્યેક શ્રદ્ધાળુઓને તેમના વાત્સલ્યથી લાભાન્વિત કર્યા,તે પ્રેમ,કરૂણા અને દૈવી શકિતની એક જીવંત મિસાલ હતા.


અંતમાં સદગુરૂ માતાજી એ દરેકના માટે મંગલકામના કરતા કહ્યું કે જ્યારે આપણે નિરાકાર પરમાત્માને જીવનનો આધાર બનાવી લઈએ છીએ ત્યારે સેવા,સુમિરણ,સત્સંગને આપણે પ્રાથમિકતા આપતા આ પ્રભુના રંગમાં પોતાને રંગી લઈએ છીએ જેથી આપણે અહંકારની ભાવનાથી મુક્ત થઈ જઈએ છીએ.સંત સમાગમમાં સદગુરૂ માતા સવિંદર હરદેવજીના વિચારોનો સંગ્રહ ×યુગ નિર્માતા× પુસ્તકનું વિમોચન નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગાયના દૂધ, ગૌમૂત્ર અને શાકાહારથી જ કુસ્તીમાં નામ બનાવનાર સંજય સિંહ

### ગૌમતાનાં આશિર્વાદથી ગોલ્ડન બુકમાં નોંધાવ્યું નામ ગૌમાતા રાષ્ટ્રમાતા જાહેર થાય તેવી ઈચ્છા






ઉત્તરાખંડ,

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં હરિયાણાના રહેવાસી છ કલાકમાં ૧૫ હજાર ૯૪૯ પુશઅપ કરીને ગોલ્ડન બુકમાં પોતાનું નામ નોંધાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવનાર રેસલર સંજય સિંહે રેસલર બનવા માટે માંસ, ઈંડા કે કોઈપણ પ્રકારની સપ્લિમેન્ટ લેતા નહતા. શક્તિશાળી બનવા માટે, આજે યુવાનો બજારમાં ઉપલબ્ધ વિવિધ સપ્લીમેન્ટ્સનો ઉપયોગ કરીને તેમના સ્વાસ્થ્ય સાથે રમત રમી રહ્યા છે, પરંતુ ગૌમૂત્ર અને ગાયના દૂધમાં ઘણા બધા ગુણો છે, જે માણસને સ્વસ્થ રાખે છે. સંજય સિંહ હું ગાયનું દૂધ, ગૌમૂત્ર પીને જ કુસ્તી કરતા હતા. આજે દેશના ખાસ કરીને યુવાનોના ભોજનમાં ઘણી વિકૃતિ આવી છે. એવા સમયે સંજય ૧૬ વર્ષથી જ ગાયનાં દૂધ, ગૌમૂત્ર અને શાકાહાર લઈને જ પોતાની પ્રેક્ટીસ કરે છે. જો યુવાનો શક્તિશાળી અને બુદ્ધિશાળી બનવા માંગતા હોય તો ગાયનું દૂધ, દહી, ઘીનું સેવન કરવું જોઈએ. તેનાથી શરીર અને મન પણ મજબૂત રહેશે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ કુસ્તીબાજ સંજય સિંહ છે.

કુસ્તીબાજ સંજય સિંહ ઉત્તરકાશીના રામલીલા મેદાનમાં ચાલી રહેલા ગુરુ સંત ગોપાલમણિની ગો કથા મંચ પર આ રેકોર્ડ બનાવ્યો હતો. સંજયના આ રેકોર્ડ બાદ ગાય આંદોલનના નેતા સંત ગોપાલમણિએ સંજયને રેકોર્ડ સર્ટિફિકેટ આપીને સન્માનિત કર્યા હતા. હરિયાણાના વતની સંજય સિંહ બાળપણથી જ કુસ્તી કરતા હતા. વર્ષ ૨૦૦૮માં સંત ગોપાલ મણિજીની કથા સાંભળીને તેઓ ગાયની સેવામાં લાગી ગયા. આ સાથે તે દરરોજ કુસ્તીની પ્રેક્ટિસ કરવા લાગ્યા. શ્રી ગુરુજી ગોપાલ મણિજી મહારાજના આશીર્વાદ, ગૌમૂત્ર અને ગાયના દૂધની ખીરના દિવ્ય પાનની શક્તિ અને બધાના પ્રેમ અને આશીર્વાદથી એ વિશ્વનાં એકમાત્ર શુદ્ધ શાકાહારી કુદરતી અંતિમ કુસ્તીબાજ બન્યા છે. તેમનો ઉદ્દેશ્ય ગાયને રાષ્ટ્ર માતા તરીકે જાહેર કરવાનો છે. તેઓ ગાયના દૂધ અને તેમાંથી બનતી ચીજોને પ્રોત્સાહન આપવું અને યુવાનોને ડ્રગ્સની દલદલમાંથી બહાર કાઢવા માંગે છે. શ્રી લખારામજી અને શ્રીમતી કેશવ દેવીજીના ખોળામાં જન્મેલા, હરિયાણા પ્રાંતમાં રહેતા, ભારતીય સેનામાંથી નિવૃત્ત થયેલા, સંજય સિંહ પહેલવાનજીએ બાળપણથી જ બોડી બિલ્ડીંગ પર ધ્યાન આપવાનું શરૂ કર્યું અને ૮ વર્ષની વયે તેઓ કુસ્તી શીખી ગયા. તેમના પિતાજીએ પણ ભૂતકાળમાં કુસ્તી કરી હતી. સંજયે પૂજ્ય ગુરુદેવે પરમ પૂજનીય શ્રીયુત ગોપાલ મણિ મહારાજ જીનું ચિત્ર દોરીને એકલવ્યની જેમ કુસ્તીની પ્રેક્ટિસ શરૂ કરી, તેમને મૂર્તિ માનીને, તેમની પૂજા કરી.

## સત્ય ની આંખે (ભાગ- ૨૪)






'કૃષ્ણ જન્મ મહોત્સવ'

જન્માષ્ટમીનો તહેવાર ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં લોકો જન્માષ્ટમીનો તહેવાર સંપૂર્ણ શ્રદ્ધા અને આદર સાથે ઉજવે છે. ભગવાન શ્રી કૃષ્ણ યોગો અને યોગો દ્વારા આપણી આસ્થાનું કેન્દ્ર રહ્યા છે. ક્યારેક તે યશોદા મૈયાનો લાલ છે અને ક્યારેક બ્રજનો તોફાની કાન્હા છે. ભગવાન કૃષ્ણ દેવકી અને વાસુદેવના આઠમા પુત્ર હતા. જન્માષ્ટમીના દિવસે મંદિરોને ખાસ શણગારવામાં આવે છે અને જન્માષ્ટમી પર આખો દિવસ ઉપવાસ કરવાનો નિયમ છે.આ તહેવાર દેશભરમાં ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે, પરંતુ મથુરા-વૃંદાવનમાં આ તહેવાર એક અલગ રીતે જોવા મળે છે. લોકો બાલ ગોપાલના જન્મોત્સવને મંદિરોમાં અને ઘરોમાં ગોઠવે છે અને તેમના માટે પાલખીઓ શણગારવામાં આવે છે.

જન્માષ્ટમીના દિવસે, વહેલી સવારે ઉઠીને સ્નાન કરવું તે પછી તમારા બધા કર્મોમાંથી નિવૃત્ત થયા પછી, સ્વચ્છ કપડાં પહેરવા તે પછી પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મો ફેરવીને ઉપવાસનો સંકલ્પ લેવો. હવે પાલખીમાં માતા દેવકી અને ભગવાન શ્રી કૃષ્ણજીની મૂર્તિ અથવા ચિત્ર સ્થાપિત કરવા. તમે પૂજામાં દેવકી, વાસુદેવ, બલદેવ, નંદ, યશોદા વગેરે દેવતાઓના નામનો જાપ કરવા.

ભાદ્રપદની અષ્ટમી તિથિ ૧૮ ઓગષ્ટની રાત્રે ૯.૨૦ વાગ્યાથી શરૂ થશે અને ૧૯ ઓગષ્ટ ૨૦૨૨ની રાત્રે ૧૦.૫૯ વાગ્યે સમાપ્ત થશે. કારણકે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ મધ્યરાત્રિએ થયો હતો. તેથી જન્માષ્ટમી ૧૮ ઓગષ્ટની રાત્રે મનાવવામાં આવશે. આ દિવસે ધ્રુવ અને વૃદ્ઘી યોગ બની રહ્યો છે. આ બંને યોગ ખૂભ શુભ માનવામાં આવે છે.

૧૮ ઓગષ્ટે જન્માષ્ટમીની પૂજા કરવા માટે શુભ મુહૂર્ત ૧૮ ઓગષ્ટની રાત્રે ૧૨.૦૩ વાગ્યાથી ૧૨.૪૭ સુધી રહેશે. જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણના બાળરૂપ લડ્ડૂ ગોપાલની પૂજા કરવામાં આવે છે. રાત્રે ૧૨ વાગ્યે ભગવાનના જન્મ બાદ તેમનો દૂધ, દહી, ઘી, પંચામૃતથી અભિષેક કરો. તેમનો સુંદર શ્રૃંગાર કરો. તેમને માખણ, મિશ્રી, પંજરીનો ભોગ ધરાવો. આ સાથે પીળુ વસ્ત્ર, તુલસીના ફૂલ, ફળ અર્પિત કરો. ધૂપ-દીપ પ્રગટાવો. ભગવાનને પારણામાં ઝૂલાવો. તેમની નજર ઉતારો અને શ્રીકૃષ્ણની આરતી કરવામાં આવે છે સાથે સહપરિવાર મળીને નંદ કે આનંદ ભયો જય કન્હૈયા લાલ કી જયનાદ બોલાવો. આખરે બાળ ગોપાલનો જે પંચામૃતથી અભિષેક કર્યો છે તેનો પ્રસાદ પણ વહેંચો અને જાતે ગ્રહણ કરો.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

# માજી ગૃહમંત્રીશ્રી નરેશભાઇ રાવલ અને માજી સાંસદસભ્યશ્રી રાજુભાઇ પરમાર ખેસ ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા



**ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે કોંગ્રેસના સિનિયર નેતા તેમજ માજી ગૃહમંત્રીશ્રી નરેશભાઇ રાવલ અને માજી સાંસદસભ્યશ્રી રાજુભાઇ પરમાર તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.**

----

**કોંગ્રેસના આગેવાનોમાં ગુજરાતના લોકો પ્રત્યે તિરસ્કારની ભાવના હોય તેવો પાર્ટીમાં અનુભવ થતો. – શ્રી નરેશભાઇ રાવલ**

----

**કોંગ્રેસ ગુજરાતના ઉદ્યોગ પતિ હોય કે ગુજરાતના ખેલાડીઓ હોય તેમનું સતત અપમાન કરે છે. – શ્રી નરેશભાઇ રાવલ**

----

**પહેલા દેશમાં જેમ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જોડીએ જે રીતે દેશનું નેતૃત્વ કર્યુ તેમ આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. – શ્રી નરેશભાઇ રાવલ**

----

**ગુજરાત કોંગ્રેસમા ફકત બે કે ચાર નેતાઓનો કંટ્રોલ છે. પાયાના કાર્યકરોની સતત અવગણના કરવામાં આવે છે.- શ્રી રાજુભાઇ પરમાર**

----

**પહેલાની કોંગ્રેસ અને અત્યારની કોંગ્રેસમાં ઘણો ફેર છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ સતત અવગણના કરતા હોવાથી આજે કોંગ્રેસ સાથે છેડો ફાડયો છે. – શ્રી રાજુભાઇ પરમાર**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના યશસ્વી ગૃહપ્રધાન અને સહકારમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસની રાજનીતી અને રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી અને પેજ સમિતિની પ્રણેતા અને મજબૂત સંગઠન શક્તિથી પાર્ટીને મજબૂત કરનાર પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના કાર્યોથી પ્રેરાઇ વિવિધ રાજકીય પાર્ટી તેમજ સામાજીક આગેવાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ જનતા જનતાર્દનના કામ કરવા ઇચ્છતા હોય છે ત્યારે આજે ગુજરાત પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે કોંગ્રેસના સિનિયર નેતા અને માજી ગૃહમંત્રીશ્રી નરેશભાઇ રાવલ તેમજ માજી સાંસદસભ્યશ્રી રાજુભાઇ પરમાર તેમના સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી જોડાયા.

આ કાર્યક્રમમાં શ્રી નરેશભાઇ રાવલે સંબોધનમાં જણાવ્યું કે, આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છીએ તેથી ખૂબ આંનદની લાગણી અનુભવું છું. ભારતીય જનતા પાર્ટીના તમામ આગેવાનોએ ખૂબ આદર પુર્વક પ્રવેશ આપ્યો. કોંગ્રેસના આગેવાનોમાં ગુજરાતના લોકો પ્રત્યે તિરસ્કારની ભાવના હોય તેવો અનુભવ થતો. કોંગ્રેસના નેતાઓ ગુજરાતના ઉદ્યોગ પતિ હોય કે ગુજરાતના ખેલાડીઓ હોય તેમનું સતત અપમાન કરે છે.પહેલા દેશમાં જેમ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જોડીએ જે રીતે દેશનું નેતૃત્વ કર્યુ તેમ આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીમાં તેજોદ્રેષ થયો છે તેના કારણે કોંગ્રેસ સાથે છેડો ફાડયો છે. આજે ભારતીય જનતા પાર્ટીમાં કોઇ શરત વગર જોડાયા છીએ પાર્ટી જે પણ કામ સોંપશે તે નિષ્ઠા પુર્વક કરીશું. આજે કોંગ્રેસે પણ મોડે મોડે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના તિરંગા યાત્રાને સમર્થન કરવું પડયું છે.

આ કાર્યક્રમમાં શ્રી રાજુભાઇ પરમારે સંબોધનમાં જણાવ્યું કે,આજે ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ અમને ખૂબ આદર પુર્વક પાર્ટીમાં જોડયા. આવનાર દિવસમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ સહિતના આગેવાનોની આગેવાનીમાં રાજય તેમજ દેશના વિકાસ માટે કામ કરવાનો પ્રયાસ કરીશું અને પાર્ટીને વધુ મજૂબૂત કરવા પ્રયાસ કરીશું. પહેલાની કોંગ્રેસ અને અત્યારની કોંગ્રેસમાં ઘણો ફેર છે. અત્યારે ગુજરાત કોંગ્રેસમા ફકત બે કે ચાર નેતાઓનો કંટ્રોલ છે. પાયાના કાર્યકરોની સતત અવગણના કરવામાં આવે છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ સતત અવગણના કરતા હોવાથી આજે કોંગ્રેસ સાથે છેડો ફાડયો છે. આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી જંયતીભાઇ કવાડિયા, પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, વિજાપુરના ધારાસભ્યશ્રી રમણભાઇ, પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી ભરતભાઇ ડાંગર,શ્રી ડો.રૂત્વીજ પટેલ, શ્રી હિતેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ સોશિયલ મીડિયા સેલના સહકન્વીનરશ્રી મનનભાઇ દાણી,મહેસાણા જીલ્લા પ્રમુખશ્રી જશુભાઇ પટેલ, નેતા જયરાજસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# ૭૫ વરસ

અમૃત મહોત્સવની,
ખોખલી વિશ્રંભકથા
સાંભળીને ભાઇ કાન પાકી ગયા
છે.
પ્રચારના વિષને ,
અમૃત માની શકો.
બાકી કોઠી વીંછળી,
કાદવ ડખોળી રહ્યા
છીએ.
પંચોતેર વરસે,
ગામડા હજુ અંધારે,
આંસુના વાળુ કરે છે,
સડકના અભાવે,
સગર્ભાની પ્રસુતિ રસ્તે
થાય છે.
કરોડો લોકોને પીવાનું
ચોખ્ખું પાણી નથી મળતું.
ગટર -પાણીની પાઈપો
મિકસ થાય છે.
કરોડો મોંના મોઢાને બે
નિવાળા નસીબ નથી,
બીજુબાજુ અબજો ટન
ખાદ્યાનન્ ડસ્ટબિનમાં ઠલવાય
છે.
ગામો-નગરો,
કચરાના અંબારમાં
ભેરવાયા છે,
તો સ્માર્ટ સીટી- વિલેજના
નઘરોળ તાયફા શાને થાય છે??
હવા ચોખ્ખી રહેવા દીધી
નથી,
પણ પર્યાવરણની દુહાઈ
દેવાય છે!!
નિંજી સ્વાર્થમાં ભૂમિનું
ઉત્ખનન કરીને, ભારત માતાનો
જયજયકાર થાય છે.
અર્થતંત્ર પાતાળમાં ધસ્યું
છે,
છતાં પાંચ કરોડ ટ્રિલિયન
ડોલરની દુહાઈ છે.
ગાય, ગોબર, ગંદકી ,
ભૂવાની ભરમાર,
વિશ્વગુરૂનો પ્રંચડ
ગગનભેદી હુંકાર છે!!
મુઠ્ઠીભર લોકોના હાથમાં
દેશની સંપતિ, અને
કરોડો લોકોના હાથમાં
મુઠ્ઠીભર સંપતિ નથી.
અનપ્લેઝન્ટ વેલી
વિસ્તરતી જાય છે!!
પછી શેની આત્મરતિ છે?
શેની આત્મશ્લાઘા છે?
શેની આત્મમુગ્ધતા છે??
આ બધું જડમૂળથી દૂર
થાય,
જ્યારે સ્વાતંત્ર્ય શતાબ્દી
ઉજવાય!!
ભરત વૈષ્ણવ..
૧૫.૮.૨૦૨૨.

----------------

રાજુ રદી તો જલૌધમીને જલપુરસ્કાર આપવાનું સૂચવે છે અને પાંચ લિટર પાણીનો બાટલો રાશિ સ્વરૂપે આપવાનું કહે છે!!

તમે આગ લાગે ત્યારે કૂવો ખોદવો એ કહેવત સાંભળી હશે. બોલો તમારી નજર સામે પિશાચિની સિરિયલની હીરોઇનની માફક આગની જવાળા લપક લપક કરતી ભભૂકતી હોય. એ સમયે પહેલું કામ આગ બુઝાવવાનું કામ કરવાનું હોય. પડોશમાં કોઇ હેન્ડપંપ અગર બોર હોય તો તમે ટેક્કરની રાહ જુવો ખરા? જે વાસણ, ડોલ હાથમાં આવે તેનાથી આગ બુઝાવવાની કોશિશ કરવાની હોય. જે બોર અગર હેન્ડપંપ હોય તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની ભોડાકૂટમાં કોણ પડે?? ફરું કે નહીં!!

સરકારે દરેક ઘરમાં નળ કનેકશન આપવાની ફલેગશીપ યોજના અમલમાં મુકી છે. એ જ રીતે ગામડામાં પાણી આપવા જૂથ પાણી પુરવઠા યોજના અમલમાં મુકે છે. છતાં, સરકાર દરેક ઘરને નળ કનેકશન આપી શકતી નથી. ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજના અમલમાં મુકી શકતી નથી. ગામડામાં હેન્ડપંપ લગાવવા માટે બોર કરવામાં આવે છે. બધા બોરમાં પાણી નીકળતું નથી. બોર બનાવવા માટે લાખો રૂપિયાનો કરેલો ખર્ચ માથે પડે છે. આપણે ગમે તેટલું કરીએ પણ ટેક્કર રાજ સદંતર બંધ કરી શકતા નથી.

એકલવીર માંઝીએ ૩૦ વરસ સુધી કલાકોના કલાકોના શ્રમદાનથા પહાડ ચીરીને રસ્તો બનાવ્યો તેમ કેટલાલ લોકો સરકારના સ્ટાર્ટ અપ યોજનાની સહાય વિના, એસએમઇ હેઠળ લોન લીધા નગર , મુદ્રા યોજના હેઠળ કિશોર, શીશુ કે તરૂણ કેટ્ગરી લોન લીધા વિના લોકોને પાણી આપે બદલામાં લોકો પાસેથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે પૈસા વસૂલે તો કયું રાજ રંડાઇ જવાનું? બીકણ સસલાની વાર્તાની જેમ કયું આભ તૂટી જવાનું?

જૂના જમાનામાં સખાવતી લોકો અન્યો માટે પાણીની પરબ બંધાવતા હતા. આપણે કોઇ જલસાહસિકે કરેલ પહેલને બિરદાવી શકતા નથી. ખભો થાબડવાની જગ્યાએ ફરિયાદનો ધુમ્બો લગાવીએ છીએ.તમે જે કરી શકતા નથી તે કામ એ ૫૬ ઈંચની છાતી વાળા જલૌધમીએ કરી બતાવ્યું. આ કાંટા ઝાડાઝાંખરા વચ્ચેથી જેમ ઝરણું વહે તેમ સ્ટાર્ટઅપ પ્રોજેકટ વહ્યો છે. કોઇ વ્યકિત તંત્રની મંજૂરી વિના બોર ખોદે છે. એમાંથી પાણી મળે છે. એકસો પચાસ વ્યકિતને પાણી પૂરું પાડવા ટાંકી બનાવે છે. લોકોને ઘરેઘરે પાણી આપી શકાય તે માટે પાઈપલાઇન બિછાવે છે!! એ તમામને પાણી પૂરું પાડે છે. તમે મને કહો કે આ જૂથ પાણી પુરવઠા યોજના થઇ કે નહીં? કયું એલિમેન્ટ ખૂટે છે??

સરકાર ખુદના પાટા, ખુદના સ્ટેશન , ખુદનો સ્ટાફ વાપરવા દઇને ખાનગી ઓપરેટરોને તેજસ ટ્રેન ચલાવવાની મંજૂરી આપે છે. રેલવેમાં જનભાગીદારી કરવાની અને પાણી પુરવઠા ક્ષેત્રે પાણીઢાળ કરવાનું? પ્રિયંકા ચોપરાની ફિલ્મનું નામ હતું-સાત ગુના માફ. ખૂનના ગુના માફ થઇ શકે તો પાણી ચોરી શી વિસાતમાં છે??

રાજુ રદી તો જલૌધમીને જલપુરસ્કાર આપવાનું સૂચવે છે અને પાંચ લિટર પાણીનો બાટલો રાશિ સ્વરૂપે આપવાનું કહે છે!!

શું કહે છે સર્વશક્તિમાન સરકાર માઈબાપ??

ભરત વૈષ્ણવ
૧૬.૮.૨૦૨૨.
હાસ્યલેખ

## માણાવદરની શૈશવ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી


માણાવદર,

માણાવદરના મહાદેવિયા રોડ ઉપર આવેલ શૈશવ સ્કૂલ માં જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકો દ્વારા નંદ મહોત્સવ અને મટકી ફોડ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. આ તકે શાળાના બાળકો દ્વારા ટ્રેડિશનલ ડ્રેસમાં કૃષ્ણ-રાધા અને બાળ સ્વરૂપના વેશ ધારણ કરેલ હતા અને જય રણછોડ, માખણ ચોરના નારા સાથે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં બેસ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને આમંત્રીત મહેમાનો દ્વારા સન્માનિત કરાયા હતા. આ તકે યુવા અગ્રણી અને પત્રકાર જયદીપ બરવાડીયા, માણાવદર નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન ગોર, ઉદય લાખાણી, સંસ્થાના ટ્રસ્ટી સંજયભાઈ લાખાણી, પ્રિન્સીપાલ જ્યોત્સનાબેન પટેલ, જીગ્નેશ પટેલ (પત્રકાર) સહિતના હાજર રહેલ હતા. આ તકે વિશાળ સંખ્યામાં વાલીઓએ હાજર રહી શાળાની અને સ્ટાફ પરિવારની કામગીરીને બિરદાવી હતી.

તસ્વીર - જયદીપ બરવાડીયા
અહેવાલ - જીગ્નેશ પટેલ
માણાવદર

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.



NOG SS NO - 0037
વિષય - કૃષ્ણ રાધા...
શબ્દ - સ્નેહ..
પ્રકાર - પદ્ય.

શીર્ષક - સ્નેહ એક
અહેસાસ.
હૃદય પવિત્ર મહાસાગર
બને ત્યારે,
ચાહતના મોજા ઉછળે,
સ્નેહની સરવાણી
ફૂટે....!
રાધાની ચાહત કાનાનો
સ્નેહ,
કાનાની ચાહત,
રાધાનો સ્નેહ,
રાધાનો વિરહ,
વૈરાગ્ય..!
કાનાનો વિરહ,
બંશીનો ત્યાગ,
રાધાની વેદના, પૂર્ણ
સમર્પણ,
કાનાની વેદના,
સ્વધામ મિલન...!
સીતાનાં સ્નેહમાં
રામે,
સાગરમાં પણ રસ્તો
કર્યો,
સીતાનાં વિરહમાં,
રાજમહેલનાં સુખનો
ત્યાગ...!
સ્નેહથી પથ્થર પણ
પીગળે,
'પ્રભુ ' પણ સ્નેહનો
ભૂખ્યો,
' પરમાત્મા' પણ
સ્નેહથી મળે...!
અત્ર,તત્ર,સર્વત્ર,
હોવા છતાં,
નિહાળી શકતાં નથી,
અનુભૂતિનો
અહેસાસ..!
સંપૂર્ણ સમર્પણ ભાવ,
કવિઓની કલમ પણ,
લખી લખી થાકે
નહીં...!
સંસાર જે અદ્રશ્ય
શકિતથી,
જોડાયો છે, એજ સ્નેહ,
પવિત્ર જલધારા 'હેમ'
તણી...!
હેમલતા દિવેચા
'હેમ ' જૂનાગઢ.



રાધા ના પ્રેમ નો પુરાવો છે આ વાંસળી,
રાધા ના શ્વાસ ની સુગંધ છે આ વાંસળી,
રાધા ના ઝાંઝર નો રણકાર છે આ વાંસળી,
રાધા ના સ્પર્શ નો એહસાસ છે આ વાંસળી,
રાધા ના મીઠા અવાજ નો કલરવ છે આ વાંસળી,
રાધા ના વિરહ નો પડકાર છે આ વાંસળી,
રાધા ના અશ્રુ ની ધાર છે આ વાંસળી,
એટલેજ કદાચ વિરહ ના વિયોગ ને જાણવા ત્યાગી કૃષ્ણએ આ વાંસળી.
- રાહુલ દેસાઈ

જયારે કૃષ્ણ એ વ્રજ છોડ્યું, ત્યારે શું વીતી હશે, એમના ઉપર અને એમની રાધા ના હૃદય પર. ઉપર લખેલી એક નાનકડી કવિતા મા મેં એ વિરહ અને ભાર ને સમજવાનો પ્રયત્ન કર્યો છે.રાધા, કૃષ્ણ અને વાંસળી આ ૩ નો સંબંદ ખુબ ગાઢ છે. જયારે કૃષ્ણ વ્રજ મા હતા ત્યારે એમને રાધા અને વાંસળી ખુભ જ વ્હાલા હતા. જયારે જયારે કૃષ્ણ વાંસળી વગાડતા, એમને રાધા નું સ્મરણ થતું. અને રાધા ને પણ એ વાંસળી મોહીત કરતી હતી. જેટલો પ્રેમ કૃષ્ણ ને વાંસળી પ્રત્યે હતો, એટલોજ પ્રેમ એમને રાધા પ્રત્યે પણ હતો. કેટલીક એવી ક્ષણો છે જ્યાં યમુના કિનારે રાધા અને કૃષ્ણ બંને નિશબ્દ બેઠા રહેતા હતા અને કૃષ્ણ ની વાંસળી થી નીકળતા મધુર સૂર ને રાધા મન મૂકી ને માણતી હતી. એ એટલી લીન થઇ જતી હતી કે માનો એ વાંસળી ના સૂર ને નહીં, પણ કૃષ્ણ ના હૃદય મા લાગણી બનીને ને વહી રહેલા એ રક્ત નો અનુભવ કરતી હતી. કૃષ્ણ જયારે વાંસળી વગાડતા ત્યારે એમાંથી નીકળતા સૂરમા, કૃષ્ણ ની રાધા પ્રત્યે ની લાગણી હતી, એ જયારે ના મળે ત્યારે એનો વિરહ હતો.

સાંજે જયારે સુરજ આથમતો હોય અને યમુના ના જળ ને એના સોનેરી રંગ મા રંગતો હોય અને એવા રળિયામણા વાતાવરણ મા જયારે કૃષ્ણ એની વાંસળી ના સૂર થી રાધા ના હૃદય અને મન ને સ્પર્શ કરે છે, એ અસ્પૃશ્ય પ્રેમ નો પણ સાક્ષી એ વાંસળી છે. જયારે જયારે કૃષ્ણ એ વાંસળી નો સૂર છેડ્યો છે, ત્યારે ત્યારે રાધા ઘેલી થઈને એ સૂર ની દિશા મા દોડી જતી. એ એક અદભુત પ્રેમ હતો જે કૃષ્ણ ની વાંસળી થી નીકળતો અને રાધા ના હૃદય મા જઈને વસી જતો. જયારે કૃષ્ણ એ વ્રજ છોડ્યું ત્યારે એમને એ વાંસળી પણ ત્યાંજ છોડી દીધી, કારણ, એ વાંસળી સાથે એમની રાધા ની યાદો હતી.કૃષ્ણ ની વાંસળી અને રાધા ના જાંજર ના સુર જયારે સાથે વાગતા, એવું લાગતું જાણે હવા મા એક અદભુત તરંગ ફેલાઈ ગઈ છે.

જયારે જયારે કૃષ્ણ ને વ્રજ યાદ આવતું, ત્યારે ત્યારે એમને એમની રાધા અને વાંસળી ની યાદ આવતી હશે. એટલેજ એ વાંસડી કદાચ રાધા ના પ્રેમ નો પુરાવો હશે. વાંસળી એ રાધા ના અનમોલ અને નિસ્વાર્થ પ્રેમ નું પ્રતિક છે. યમુના કિનારે જયારે રાધાકૃષ્ણ રાસ રમતા અને ત્યારબાદ, કૃષ્ણ ના ખબા પર માથું મૂકીને પોતાનો થાક ઉતારતી એ રાધા ના દરેક શ્વાસ મા કૃષ્ણ ને એની વાંસળી ના સૂરનું સ્મરણ થતું હતું.

એ વાંસળી એ સાક્ષી છે રાધા કૃષ્ણ ના પ્રેમ નો અને એમના વિરહનો એટલેજ આ ત્રણેય નો સંબંદ ખુબજ ગાઢ છે. જયારે રાધા ને કૃષ્ણની યાદ આવતી હશે, ત્યારે કદાચ એની સાથે એ વાંસળી પણ રડી પડતી હશે એ કૃષ્ણ ના વિરહ મા. કૃષ્ણ વિના જયારે રાધા યમુના ના તટ પર બેસીને રડતી હશે, ત્યારે એની સાથે રહેલી એ વાંસળી ને કૃષ્ણ બની એનો સૂર વગાડવાનું મન થતું હશે. પ્રેમ અને એનો વિરહ કેવો હોય, એ રાધા, કૃષ્ણ અને એની વાંસળી થી વધારે તમને કોઈ તમને નહીં સમજાવી શકે.

રાહુલ દેસાઈ (મુંબઈ )

### ૧૯ ઓગસ્ટ, "વિશ્વ માનવતાવાદી દિવસ"

# "વિશ્વ માનવતાવાદી દિવસ" : માનવતાને મહેકાવતો દિવસ, હું માનવી માનવ થાઉં તો ઘણું



૧૯૮૦ નાં દાયકાથી "વિશ્વ માનવતાવાદી દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુએનના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે વિશ્વ માનવતાવાદી દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

વિશ્વનાં ઘણા લોકો ભૂખમરો અને રોગગ્રસ્ત સ્થળોએ જીવન જીવનારા લોકો માટે સમાજમાં વધુ સારું સ્થાન બનાવવા માટે કાર્ય કરે છે, હ્યુમનિટેરિયન ડે એવા જ માનવતાવાદી કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રસંગ છે જે વિશ્વભરમાં યુદ્ધો અને કુદરતી આફતોનાં ભોગ બનેલા લોકોને મદદ કરવા તેમના જીવનને જોખમમાં નાખે છે. જેણે જીવનમાં ઓછામાં ઓછો એક વાર દરેક જરૂરિયાતમંદોને મદદ કરી છે.

કોઈપણ દેશમાં કોઈપણ ધર્મમાં કોઈપણ વિદ્યામાં, ચિકિત્સા શાસ્ત્રોમાં માનવ,મનુષ્ય એ જ મુખ્ય કેન્દ્રમાં છે અને માનવતા એ જ મોટો ધર્મ છે. દરેક વિજ્ઞાન, ચિકિત્સા શાસ્ત્રો, રાજકીય સ્થિતિ વગેરેનું કેન્દ્ર- માનવ જીવન અને તેને જીવન સારી રીતે જીવવાની દૃષ્ટિ વગેરે માનવની સુખ- શાંતિ માટે જ છે. એ માનવને માનવતા શીખવવા તેનાં સ્વાસ્થ્યની રક્ષા કરવા તેના માનસને સાત્વિક બનાવવા ધર્મશાસ્ત્રો ચિકિત્સા રાગો- અન્ય તમામ વિજ્ઞાન વગેરેનું સર્જન થયેલ છે.

દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિક્તા, સત્યતા, સદભાવના, સૃષ્ટિનો વિકાસ સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે. "પરસ્પર દેવોભવ માનવ" માનવ માનવતા રાખી એક બીજામાં દેવના દર્શન કરે તો પ્રભુ-પરમાત્મા રાજી રહે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવાન પ્રિય માનવની શોધમાં જયારે નરેન્દ્રનાથે શ્રી રામકૃષ્ણ પરમહંસને પૂછયું કે 'તમે ભગવાનને જોયા છે? ત્યારે પરમહંસે 'હા' કહી તે વખતે નરેન્દ્રનાથે પૂછયું'કેવી રીતે ? ' જેવી રીતે તને જોઉ છું તે રીતે.' રામકૃષ્ણ દેવનાં આ શબ્દોમાં માનવતાનાં અનુભવનો રણકો હતો.

તેથી નરેન્દ્રનાથ પીગળી ગયા અને સ્વામી વિવેકાનંદ પ્રગટી ગયા. ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે 'ઈશ્વર સર્વભૂતનાં હૃદયે અર્જુન તિષ્ઠતિ' ઈશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે.

? "વિશ્વ માનવતાવાદી દિવસ" : માનવતાને મહેકાવતો દિવસ

? હું માનવી માનવ થાઉં તો ઘણું

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ચાંદીનો વાયદો રૂ.૮૦૮ ઘટ્યોઃ સોનું રૂ.૯૭ નરમઃ ક્રૂડ તેલમાં મામૂલી સુધારો

**પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૭૨૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૯૧૮૮ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૭ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૦,૫૦૩ સોદાઓમાં કુલ રૂ.૧૮,૯૪૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૭૨૪.૧૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૯૧૮૭.૮૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૬,૭૮૦ સોદાઓમાં કુલ રૂ.૪,૩૫૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૮૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૯૬૫ અને નીચામાં રૂ.૫૧,૬૯૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૭ ઘટી રૂ.૫૧,૭૪૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૯ ઘટી રૂ.૪૧,૨૯૨ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૫,૧૩૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૮૨૧ના ભાવે ખૂલી, રૂ.૮૦ ઘટી રૂ.૫૧,૭૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૭,૭૭૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૯૯૦ અને નીચામાં રૂ.૫૬,૯૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૬૦૮ ઘટી રૂ.૫૭,૦૫૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૫૩૬ ઘટી રૂ.૫૭,૭૨૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૦૦ ઘટી રૂ.૫૭,૭૭૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૫૬૨ સોદાઓમાં રૂ.૨,૩૬૨.૪૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૦ વધી રૂ.૨૧૦.૩૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૨.૦૫ ઘટી રૂ.૩૨૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩.૩૫ ઘટી રૂ.૬૬૩.૩૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૧૯૪ સોદાઓમાં કુલ રૂ.૨,૯૬૨.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૯૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૭૪ અને નીચામાં રૂ.૬,૮૩૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮ વધી રૂ.૬,૮૭૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૫૦ વધી રૂ.૭૪૭.૬૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૯૧ સોદાઓમાં રૂ.૪૧.૧૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૦,૫૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૫૫૦ અને નીચામાં રૂ.૫૦,૫૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૯૦ વધી રૂ.૫૦,૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૯૮૧.૭૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૪૩.૩૯ કરોડનાં ૩,૩૬૧.૩૪૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૬૧૪.૭૯ કરોડનાં ૪૫૧.૦૧૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૪૬૫.૨૯ કરોડનાં ૨૧,૧૮,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૪૯૭ કરોડનાં ૨૦૦૭૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૧.૧૬ કરોડનાં ૫૧૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૯.૯૬ કરોડનાં ૨૦૦.૮૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૪૭૨.૫૨૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૮૮.૧૫૬ ટન, ક્રૂડ તેલમાં ૧૨૦૬૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૭૦૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૦૭૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૯૩.૩૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૬.૯૭ કરોડનાં ૫૧૬ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૩૦૭ના સ્તરે ખૂલી, ૫૪ પોઈન્ટ ઘટી ૧૪,૨૮૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૧૮૭.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયુ હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૪.૬૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૩.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૮૮૦.૨૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૮૪૮.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૩૬.૭૬ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩ ખૂલી, ઉપરમાં રૂ.૬૩.૯૦ અને નીચામાં રૂ.૨૨.૨૦ રહી, અંતે રૂ.૧૭.૪૦ ઘટી રૂ.૩૩.૮૦ થયો હતો. જયારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૭૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૯.૮૦ અને નીચામાં રૂ.૩૨.૫૦ રહી, અંતે રૂ.૮.૪૦ વધી રૂ.૩૭.૨૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૬ અને નીચામાં રૂ.૧૨૮ રહી, અંતે રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૧૩૧.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૫૭ ખૂલી, ઊપરમાં રૂ.૮૫૦ અને નીચામાં રૂ.૫૪૨ રહી, અંતે રૂ.૧૩૫.૫૦ ઘટી રૂ.૫૭૧ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૯ અને નીચામાં રૂ.૨૭૦ રહી, અંતે રૂ.૨૮.૫૦ ઘટી રૂ.૨૮૦.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૩.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૫ અને નીચામાં રૂ.૫૦.૧૦ રહી, અંતે રૂ.૩૩.૨૦ ઘટી રૂ.૮૬.૯૦ થયો હતો.

## ગાંધીનગરમાં સાબરમતી બે કાંઠે

# સંત સરોવરના છ દરવાજા ખોલીને ૧૩,૪૨૨ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે

### સાબરમતીમાં પાણીની સપાટી વધવાની સંભાવનાને પગલે સંત સરોવર નજીક અને ૧૦ ગામોના નાગરિકોને નદી કિનારે નહીં જવાની સૂચના



ધરોઈ ડેમ અને લાકરોડા બેરેજમાંથી પાણી છોડાતાં ગાંધીનગરમાં સાબરમતી નદી બે કાંઠે થઈ છે. ગાંધીનગરના સંત સરોવર પાસે આજે સાંજે ૫.૦૦ વાગે ૮,૨૬૫ ક્યુસેક્સ પાણીની આવક થઈ રહી છે. સંત સરોવરના છ દરવાજા બે ફૂટ જેટલા ખોલીને ૧૩,૪૨૨ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં અને મુખ્યત્વે સાબરમતી નદીના ઉપરવાસમાં ભારે વરસાદ પડી રહ્યો હોવાથી ગાંધીનગરમાં પાણીનો આવરો વધવાની સંભાવનાને પગલે સંત સરોવર અને હેઠવાસના વિસ્તારોમાં ૧૦ ગામના લોકોને સાવચેતીના પગલાં તરીકે નદી કિનારે નહીં જવાની સૂચના ગાંધીનગર મામલતદાર તરફથી આપવામાં આવી છે.

આજે ધરોઈ બંધમાંથી ૫૭ હજાર ક્યુસેક્સ જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યાર પછી લાકરોડા બેરેજમાંથી૮,૨૬૫ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદ થયો હોવાથી ધરોઈ બંધમાંથી ૫૭,૦૦૦ ક્યુસેક્સ પાણી છોડવાના પરિણામે ગાંધીનગરમાં સંત સરોવર પાસે પાણીની આવક વધશે.સંત સરોવરનું ફૂલ રિઝર્વોયર લેવલ ૫૫.૫૦ મીટર છે અત્યારે પાણીની આવક વધતા પાણીની સપાટી ૫૪.૩૦ મીટર જાળવવામાં આવી રહી છે. સંત સરોવરના ૨૧ દરવાજામાંથી છ દરવાજા બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે અને ૧૩,૪૨૨ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે.

મધરાત પછી લાકરોડા બેરેજમાંથી વધુ પાણી છોડવામાં આવે તેવી સંભાવનાને પગલે ગાંધીનગર મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરફથી સંત સરોવર અને હેઠવાસના ૧૦ ગામો; ઈન્દ્રોડા, શાહપુર, ધોળાકુવા, રાંદેસણ, રાયસણ, રતનપુર, વલાદ, જુના કોબા, કરાઈ અને નભોઈના નાગરિકો તથા તાલુકાના તમામ નાગરિકોને સંત સરોવર અને નદી કિનારે નહીં જવાની સૂચના આપવામાં આવી છે.

# ૭૫મા સ્વાતંત્ર્ય વર્ષ ' આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી



૭૫મા સ્વાતંત્ર્ય વર્ષ × આઝાદી કા અમૃત મહોત્સવ× ની ઉજવણી નિમિત્તે ૧૫મી ઑગસ્ટ સોમવારે સવારે ૯-૦૦ કલાકે લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટિકટ ૩૨૩૨ બી૧૪બીર,જીવન તીર્થ લોક સેવા કેન્દ્ર,જાયન્ટ્સ ફાઉન્ડેશન તથા ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ કલબ ઓફ અમદાવાદ ફોટ, મણિનગર ફોટ ,જોધપુરહીલ તથા ઝેનિથના સંયુક્ત ઉપક્રમે ધ્વજવંદન કાર્યક્રમ-ત્રિરંગા-યાત્રા રેલીનું આયોજન જીવન તીર્થ લોક સેવા કેન્દ્ર,ગોરાકુંભાર,રામાપીરનો ટેકરો,વાડજ ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં

શ્રી બળદેવભાઈ પટેલ,શ્રી કનુભાઈ પટેલ,શ્રી રસિકભાઈ પટેલ,ડીમ્પલ બેન શાહ , ગીરીશભાઈ પટેલ તેમજ ગાયત્રી પરિવાર, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ, જાયન્ટ ગૃપ,જીવનતીર્થના ટ્રસ્ટી હોદ્દેદારો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા સદર કાર્યક્રમમાં એક હજારથી પણ વધારે સભ્યોશ્બાળકો જોડાયા જે યાત્રા- રેલી વાડજ વિસ્તારમાં ફરી ડોક્ટર આંબેડકર સાહેબની પ્રતિમાને ફૂલહાર કરી ત્યારબાદ જીવન તીર્થ લોકસેવા કેન્દ્ર ખાતે સભા સ્વરૂપમાં ફેરવાઈ હતી જેમાં યાત્રા રેલીમાં જોડાનાર દરેક વ્યક્તિને નાસ્તો,ગાયત્રી ચાલીસા, ગાયત્રી મંત્ર લેખન નોટબુકનું નિઃશુલ્ક વિતરણનું આયોજન ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચાણસ્મા તાલુકાના વડાવલી ગામ બાજુ થી પસાર થતી ખારી નદીમાં આવ્યાં નવા નીર



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ગુજરાત સરકારની હવામાન ખાતાના આધારે કરાયેલી આગાહીને કારણે હાલ ઉત્તર ગુજરાતમાં બે દિવસથી વરસાદ પડી રહ્યો છે એવો જ વરસાદ ચાણસ્મા તાલુકામાં પણ પડી રહ્યો છે. આ જોતા ચાણસ્મા તાલુકાના વડાવલી ગામ પરથી પસાર થતી ખારી નદીના વહેણમાં ભરપૂર પાણીની આવક થતાં સમગ્ર વડાવલી ગામના લોકો આ નદીને જોવા માટે આવી પહોંચ્યા હતા.

ચેતવણી ના ભાગરૂપે ગામ નાના બાળકોને નદી પર નહીં જવું, નદીને દૂરથી જોવી એવી કાળજી લીધી હતી.

હાલમાં સતત પ્રવાહ ચાલુ છે અને ઉપર વરસાદનું પણ મારો ચાલુ છે તાલુકાના તંત્ર દ્વારા આ જગ્યાની વિશેષ મુલાકાત લઈને ચેતવણી ના ભાગરૂપે ગ્રામજનોને ચેતતા રહેવા જરૂરી સૂચન કરવા જરૂરી છે. પાણીનો પ્રવાહ સતત અને જોરદાર વહી રહ્યો છે વરસાદ પડતા ખેડૂતો ખુશખુશ જણાઈ રહ્યા છે

# પાલનપુર તાલુકા માં ખુલ્લેઆમ ૭૦ ટકા ફાર્માસિસ્ટ ભાડાના લાયસન્સથી દવાની દુકાનો ધમધમી રહી છે



બનાસકાંઠા સમાચાર

તંત્રએ પણ મેડીકલ ભાડેથી ચાલતી હોવાનું કબૂલી ૬૦ લાયસન્સ રદ કર્યાનો દાવ કર્યો

બનાસકાંઠા જીલ્લામાં આવેલી દવાની દુકાનોમાં માસિક રૂ. ૩,૦૦૦ થી ૪,૦૦૦ માં ફાર્માસીસ્ટનું લાયસન્સ ભાડે આપી ડીગ્રી વગરના અસામાજીક તત્વો પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરી રહ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, થરાદ, વાવ, ધાનેરા, દિયોદર, ભાભર, લાખણી, કાંકરેજ અને સૂઈગામ તાલુકા મથક અને અંતરીયાળ ગ્રામિણ વિસ્તારમાં કુલ ૨,૪૫૦ દવાની દુકાનો આવેલી છે. જ્યાં ટીમો દ્વારા તપાસ કરવામાં આવી તો ચોંકાવનારૂ તથ્ય સામે આવ્યું હતું.આ અંગે ફાર્માસીસ્ટ એસોસીએશન ગુજરાતના પ્રમુખ રજનીકાન્ત ભારતીયએ જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં કુલ ૩૮,૦૦૦ દવાની દુકાનો છે. જેમાં ૨૯,૦૦૦ જેટલી રીટેલ છે.

૭૦ ટકા દુકાનો ભાડાના ફાર્માસીસ્ટના લાયસન્સથી ચાલે છે.

બનાસકાંઠામાં ડ્રગ્સ ઈન્સ્પેકટરોની દયાથી કેટલાંક લોકો માત્ર હોલસેલનું લાયસન્સ લઈ છૂટક દવા વેચી રહ્યા છે. હોલસેલમાં ફાર્માસીસ્ટની અનિવાર્યતા ન હોવાનો નિયમ બદલી સરકારે આ છટક બારી બંધ કરવી જોઈએ.'

# અમદાવાદ હાઈવે દર્શન હોટલ ખાતે સામાજીક એકતા જાગૃતિ મિશનની કારોબારી બેઠક યોજાઈ




બનાસકાંઠા સમાચાર

અસામાજીક તત્વોથી ડરીશુ નહીઃ કેવલસિંહ રાઠોડ

આજ રોજ અમદાવાદ નેશનલ હાઈવે શેરપુરા પાટીયા નજીક હોટલ દર્શન ખાતે સામાજીક એકતા જાગૃતિ મિશન ના રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રોઠોડ ના અધ્યક્ષસ્થાને કારોબારી બેઠક યોજાઈ હતી.

જેમાં આવેલ તમામ મહેમાનોને કુમકુમ તિલક કરી ફુલહાર, સાલ,તેમજ બુકે આપી આયોજકો દ્વારા સ્વાગત કરાયુ હતુ. સામાજીક એકતા જાગૃતિ મિશન ના રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડ દ્વારા લોકોને અન્યાય સામે કેવિરીતે લડત લડવી તેની વિસ્તુત માહીતી આપી હતી.

આંગણવાડી કાર્યકર્તા બહેનો ,આશાવર્કર બહેનોના,મજુર આંદોલન,તેમજ શિક્ષણ ને લગતા અન્યાય સામે લડત લડવાની તૈયારી દર્શાવી હતી. ત્યારબાદ સમગ્ર લોકો પોતાની જગ્યા ઉપર ઉભા થઇ ને રાષ્ટ્રગીત ગાયુ હતુ અને વંદેમાતરમ ના નારા સાથે કાર્યક્રમ ને સમાપ્ત કર્યો હતો.

આ કાર્યક્રમ માં રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડ, ઉ.પા. અધ્યક્ષ વિક્રમભાઇ સોલંકી , રાષ્ટ્રીય મહાસચિવ તરૂણભાઇ આહિરવાત,મુખ્ય માર્ગદર્શન ઉ.ગુ ના ડી.એસ.પરમાર, અરવિદ વાઘેલા, મહાસચિવ બ.કા. મોબિન પટેલ, એહમદભાઇ નોંદોલિયા, તેમજ બનાસકાંઠા ની સમગ્ર ટીમ સાથે અનેક કર્યકર્તાઓ પત્રાકારમિત્રો આ કાર્યક્રમ માં પરિવાર સાથે મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.

# ચાણસ્માના રણાસણ ગામે તળાવ ઓવરફ્લો થતા પાણી ગામ તરફ વળ્યું



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર ગુજરાત રાજ્ય સહિત પાટણ જિલ્લાને પણ મેઘરાજાએ ધમરોળયુ છે ત્યારે પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ના રણાસણ ગામે આવેલ તળાવ ની અંદર પાણી ઓવરફ્લો થતાં પાણી ગામ તરફ વળી હોવાના વિડીયો સામે આવ્યા છે. મળતી વિગતો મુજબ ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાત રાજ્ય સહિત પાટણ જિલ્લામાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે ત્યારે આજ રોજ ચાણસ્માના રણાસણ ગામે રોડ પર આવેલ તળાવ ઓવરફ્લો થતા પાણી ગામ તરફ પણ વળવા લાગ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે ઝીલીયા થી રણાસણ વાયા ચવેલી સહિત જૈન તીર્થ ગાભુ તરફ જવાનો મુખ્ય માર્ગ હોઇ રણાસણ ગામના લોકો દ્વારા તળાવ પાસે પુલ બનાવવા અવારનવાર રજૂઆત કરવા છતાં પણ તંત્રના બહેરા કાને અથડાવી પાછા આવતી હોય અત્યારે ચાલી રહેલી ચોમાસાની સિઝનમાં તળાવ ઓવરફ્લો થતાં વાહન ચાલકો સહિત રાહદારીઓમાં ભારે મુશ્કેલીઓનો સામનો વેઠવાનો વારો આવી રહ્યો છે ત્યારે સત્વરે તંત્ર દ્વારા પુલ બનાવવામાં આવે તેવી લોક માગણી અને લાગણી સેવાઈ રહી છે

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અરવલ્લીના ધનસુરા સ્થિત અમૃત સરોવરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આજે અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે અમૃત સરોવરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર પણ તેમની સાથે જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જળ સંચય થકી ઉન્નતિના લક્ષ્ય સાથે કાર્યરત ગુજરાત સરકારે ×આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવરના નવનિર્માણ-નવિનીકરણનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના આહવાનને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન મુજબ રાજયમાં કુલ ૨,૭૬૭ સ્થળોની અમૃત સરોવર તરીકે પસંદગી કરવામાં આવી છે. જે પૈકી ૩૩ જિલ્લામાં સ્થિત ૨,૪૨૨ કામો પ્રગતિમાં છે. જ્યારે ૧૫ ઓગષ્ટ, ૨૦૨૨ સુધીમાં ૬૬૩ અમૃત સરોવરના લોકાર્પણ કરવામાં આવ્યા.




૧૫મી ઓગષ્ટ નિમિત્તે ગુજરાતી સમાજના આંગણે આન બાન શાન થી ધ્વજ વંદન કરવામાં આવ્યું. ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી.મહેતા, ટ્રસ્ટ બોર્ડના ચેરમેન નયનભાઈ ગાંધી, ગુજરાતી સમાજના સેક્રેટરી દિનેશભાઈ પટેલ, વરિષ્ઠ ઉપપ્રમુખ દિલીપભાઈ સોની, અતુલભાઈ મકવાણા અને કારોબારી સભ્યો સહિત ધ્વજવંદન કર્યું હતું, સાથે ટ્રસ્ટીઓ, મહિલા મંડળ ઉપસ્થિત રહ્યા હતા

# કાણોદર શાળા નંબર -૧ માં શ્રી અરવિંદના ચરણોમાં ૧૫૦ સંકલ્પો અર્પણ કરી આઝાદીના અમૃત મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી

બનાસકાંઠા સમાચા

આજે ૭૬ માં સ્વાતંત્રદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં શ્રી અરવિંદના વિચારોને સમર્પિત એવા અમારા એસ.એમ.સી ના શિક્ષણવિદ

મલુકબેન મામજીભાઈ મુખી દ્વારા શ્રી અરવિંદ અને માતાજીને ગુલાબનો હાર અર્પણ કરવામાં આવ્યો. દીપ પ્રાગટ્ય કરી બાળકોએ જન્મદિનનું ગીત રજૂ કર્યું.જેમાં શાળા ગૌરવકુંભ અને એસ.એમ.સી.ના તમામ સભ્યો જોડાયા.શ્રીઅરવિંદ અને માતાજીના આશીર્વાદ સાથે ધ્વજ વંદનવિધિ કરવામાં આવી. મલુકબેન મામજીભાઈ મુખીના શુભ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો.ભારતમાતા, શ્રી અરવિંદ અને માતાજીના દર્શન કરી ગામ ધન્ય થઈ ગયું.આજના દિવસે ૧૫૦૦૦/- રૂપિયાનું દાન મલુકબેન મુખી તરફથી શાળાને આપવામાં આવ્યું.દર વર્ષની જેમ આ વર્ષે સ્વ.અલીમદભાઈ રાજેમદભાઈ પોલરા પરિવાર તરફથી ધોરણ ૧ થી ૮ ના પ્રથમ ત્રણ વિધાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા.જે મહંમદઅલી પોલરાએ રુબરુ હાજર રહી ઈનામ આપ્યા.કલા ઉત્સવ અને હર ઘર તિરંગામાં વિજેતા બાળકોને મુખી ડેરી કાણોદર તરફથી ઈનામ આપવામાં આવ્યા.મરજીયાબેન મુખીના વિચારો - આશીર્વાદ આ સંસ્થા માટે હંમેશા ઊર્જા પ્રદાન રહ્યા છે. મુન્નાભાઈ હાજર રહી બાળકોને ઈનામ આપ્યા. એસ.એમ.સી.ના પૂર્વ સભ્ય અને શાળા માટે હંમેશા ઉત્સાહી. એવા વિનોદભાઈ જયંતિભાઈ પંચાલ તરફથી બાળકો અને તમામ ઉપસ્થિત ગામ આગેવાનોને પ્રસાદી આપવામાં આવી.




આ અનેરા કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી દિલીપભાઈ સાલવી.ડેપ્યુટી સરપંચશ્રી કલ્બે અબ્બાસ સુણસરા ,ગામના અગ્રણી એવા યાસીનભાઈ બંગલાવાળા ,ગામના પૂર્વ સરપંચ એવા લાડીબેન બંગલાવાળા ગામ પંચાયત - ગૌરવ કુંભ એસ.એમ.સી.અને શાળા પરિવારના સૌ સભ્યો હાજર રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરિભાઈ ચૌહાણે કરેલ.

# આચાર્ય લોકેશજી અને આચાર્ય પુલક સાગરજીની ઉપસ્થિતિમાં સર્વધર્મ મહા-સંમેલન યોજાયું

**હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, બૌદ્ધ ધર્મગુરુઓએ એક મંચ પરથી સંબોધન કર્યું**

ઔરંગાબાદમાં પ્રથમ વખત, આઝાદીના અમૃતમહોત્સવ નિમિત્તે, શ્રી ખંડેલવાલ દિગંબર જૈન પંચાયત પાર્શ્વનાથ મંદિર અને ભારતનાં ગૌરવ આચાર્ય શ્રી પુલક સાગરજી વર્ષા યોગ સમિતિ ૨૦૨૨ દ્વારા સર્વ ધર્મ મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભારત ગૌરવ આચાર્ય શ્રી પુલક સાગરજી, વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય ડૉ.લોકેશજી, ભારતના સર્વ ધર્મ સંસદના કન્વીનર ગોસ્વામી સુશીલજી મહારાજ, મુસ્લિમ ધર્મના ચીફ ઈમામ ઉમર અહેમદ ઈલ્યાસીજી, શીખ ધર્મના બાંગ્લા સાહિબ ગુરુદ્વારાનાં ચેરમેન પરમજીતજી મુખ્યત્વે સંબોધન કર્યું હતું. ઔરંગાબાદમાં પ્રથમ વખત આયોજિત સર્વધર્મ મહા સંમેલનમાં તમામ ધાર્મિક સંતોને સાંભળવા માટે હજારો લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ શાંતિદૂત જૈન આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, દેશમાં એકતા, સૌહાર્દ, સમરસતા અને સમન્વય માટે આ પ્રકારનું સર્વ ધર્મ સંમેલન ખૂબ જ જરૂરી છે, દેશમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર ભાઈચારાથી જ આઝાદીનું અમૃત પ્રાપ્ત થશે. તેમણે ઔરંગાબાદમાં સર્વ ધર્મ મહા સંમેલનનું આયોજન કરવા બદલ આચાર્ય પુલક સાગરજીની પ્રશંસા કરી અને કહ્યું કે આનાથી દેશના અન્ય પ્રાંતોને પ્રેરણા મળશે. આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, ભગવાન મહાવીરના આનેકાંત દર્શન દરેકને એક સાથે જોડવાનું કામ કરે છે. ભારત ગૌરવ આચાર્ય શ્રી પુલક સાગરજીએ કહ્યું કે દેશને મજબૂત બનાવવા માટે સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવાની જરૂર છે. આપણે ક્યારેય ભૂલવું ન જોઈએ કે પ્રેમ પ્રેમને જન્મ આપે છે અને નફરત નફરતને જન્મ આપે છે. આપણો માર્ગ પ્રેમ અને અહિંસાનો હોવો જોઈએ. નફરત અને હિંસા એ તમામ પ્રકારની અનિષ્ટોનું મૂળ છે. સંતો-મહાત્માઓ અને ધર્મગુરુઓનો આ જ સંદેશ રહ્યો છે. તેમણે ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મને વિશ્વભરમાં ફેલાવવા બદલ આચાર્ય ડૉ. લોકેશજીની પ્રશંસા કરી. હિંદુ ધર્મમાંથી ભારતીય ધર્મ સંસદના સંયોજક ગોસ્વામી સુશીલજી મહારાજે જણાવ્યું હતું કે, આજના યુગમાં સમાજમાં ચાલી રહેલી બુરાઈઓથી બચવા આપણે દરેક જાતિ અને ધર્મના લોકો સાથે મળીને રહેવું જોઈએ, તો જ દેશ આગળ વધી પ્રગતિ કરી શકશે. મુસ્લિમ સંપ્રદાયના મુખ્ય ઈમામ ઉમર અહેમદ ઈલ્યાસીજીએ જણાવ્યું હતું કે નફરત, હિંસા, નફરતનો પાઠ કોઈપણ ધાર્મિક ગ્રંથમાં ભણાવવામાં આવતો નથી, તે તમામ માનવ મન અને સંકુચિત માનસિકતાની ઉપજ છે.

**Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.**